જાહેર ખબર

આથી સંબંધિત ઈસમો/પાર્ટીઓ/ઈજારાદાર ભાઈઓ/સંસ્થાઓને જાણ કરવામાં આવે છે કે, આ વિભાગના સાગડીવિડી ફાર્મ પર પ્લોટમાં ઉભેલી ઘાસ ચારાની લીલી જુવાર (વાવેતર વિસ્તાર ૩.૦૦ હે.) વાઢીને લઈ જવાની **જાહેર હરરાજીની તારીખ -૦૯/૧૦/૨૦૨૬, શુક્રવાર સમય - સવારે ૧૦ કલાકે હરરાજીનું સ્થળ – સાગડીવિડી ફાર્મ** પર રાખવામાં આવેલ છે. તો રસ ધરાવતા તમામ ઈસમો/પાર્ટીઓ/ ઈજારાદાર ભાઈઓ/સંસ્થાઓને જાહેર હરરાજીમાં ભાગ લેવા માટે હાજર રહેવા આ જાહેર ખબરથી જાણ કરવામાં આવે છે.

૧. હરરાજીમાં ભાગ લેવા માટે હરરાજી શરુ થતા પહેલા રૂ. ૨૦૦૦/- ડીપોઝીટ પેટે કચેરીમાં જમા કરાવવાના રહેશે. જે રકમ ઈજારો રાખનાર ઈસમોની ડીપોઝીટમાં મજરે અને બાકીના ઈસમોને હરરાજી પૂરી થતાં પરત કરવામાં આવશે.
૨. જેની માગણી મંજુર થશે તેણે હરરાજીની માગણીની કુલ રકમનાં ૧૦% રકમ ડીપોઝીટ તરીકે સ્થળ પર તરત જ જમા કરાવવાની રહેશે.
૩. પ્લોટમાં ઉભેલી જુવાર કચેરીનાં ચાલુ દિવસ દરમ્યાન રૂબરૂ જોઈ શકાશે.
૪. હરરાજીની અન્ય શરતો હરરાજી વખતે સ્થળ પર રૂબરૂ વાંચી સંભળાવવામાં આવશે.

પ્લોટમાં ઉભેલી જુવારની વિગત નીચે મુજબ છે.

ક્રમ	વિગત	વાવેતર વિસ્તાર	પ્લોટ નંબર
૧.	ઘાસ ચારાની લીલી જુવાર (ગુંદરી)	૩.૦૦ હેક્ટર	૪૫ અને હ.વી.-૨

જા.નં.:જુ.કૃ.યુ./બી.વિ.ત.વિ./ફાર્મ/જા.હ./૧૫૫૦-૬૦ /૨૬. જુનાગઢ. તા. ૦૧/૧૦/૨૦૨૬

પ્રાધ્યાપક અને વડા,
બીજ વિજ્ઞાન અને તકનીકી વિભાગ.
જુનાગઢ કૃષિ યુનિવર્સીટી.
જુનાગઢ.

નકલ સવિનય જાણ તેમજ હરરાજી વખતે પ્રતિનિધિને હાજર રહેવા સારું:

૧) સંશોધન નિયામકશ્રી, જુ.કૃ.યુ., જુનાગઢ.
૨) સંશોધન વૈજ્ઞાનિક(મગફળી), મુખ્ય તેલીબીયા સંશોધન કેન્દ્ર, જુ.કૃ.યુ., જુનાગઢ.
૩) સંશોધન વૈજ્ઞાનિકશ્રી, કઠોળ સંશોધન કેન્દ્ર જુ.કૃ.યુ., જુનાગઢ.
૪) સંશોધન વૈજ્ઞાનિકશ્રી (કપાસ), જુ.કૃ.યુ., જુનાગઢ.
૫) સિક્યુરિટી ઓફીસરશ્રી, મોતીબાગ, જુ.કૃ.યુ., જુનાગઢ.

નકલ સવિનય સાથ રવાના બહોળી પ્રસિદ્ધિ અર્થે:

૧) આ કચેરીના નોટીસ બોર્ડ પર.
૨) આઈ ટી સેલ, જુ.કૃ.યુ., જુનાગઢ.
૩) મામલતદારશ્રીની કચેરી, સરદારબાગ, જુનાગઢ.
૪) તાલુકા વિકાસ અધિકારીશ્રીની કચેરી, સરદાર બાગ, જુનાગઢ.
૫) સરપંચશ્રી, ગ્રામ પંચાયત કચેરી, ટીમ્બાવાડી, ઈવનગર,શેલરા, વાડલા, પાદરીયા.
૬) સબંધિત ઈસમો/પાર્ટીઓ તરફ પોસ્ટથી (સામેલ લીસ્ટ મુજબ)

પ્રતિશ્રી, _____